-::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::-
**નામદાર શ્રી સેશન્સ જજ સાહેબની અદાલતમાં, કચ્છ-ભુજ**
-::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::-

**સેશન્સ કેસ નંબર:૧૦૮/૨૦૨૫**

**આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૦ ની જોગવાઇ મુજબ બિનતહોમત મુકત થવા બાબતની આંક:૧૪ ની અરજી અન્વયે હુકમ...**

**શ્રી સરકાર....** :::::::::::::::::::::::::::::: **ફરીયાદી**

**વિરુદ્ધ**

**(૧) મોહિત મુળજી સિદ્ધપરા**

**(૨) જયેશ જયંતિજી ઠાકોર** :::::::::::::::::::::::::: **આરોપીઓ**

**ગુન્હો : ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩ (૧), ૧૦૯ (૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો...**

**(૧)** અરજી વંચાણે લીધી. આ કામનું રેકર્ડ ધ્યાને લેવામાં આવેલ છે.

**(૨)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૦ મુજબ ભુજ શહેર ‘‘ એ ‘‘ ડિવીઝન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુન્હા રજીસ્ટર નં.૯૦૯/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩ (૧), ૧૦૯ (૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી બિનતહોમત મુકત થવા માટે અરજીમાં જણાવેલા કારણોસર હાલની અરજી કરેલી છે.

**આરોપી પક્ષની દલીલ :**

(૩) આ અરજી લગત આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી એન.ડી.ચૌધરી નાઓ દ્વારા આંક:૧૬ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલી છે. જેમાં મુખ્યત્વે ચાર્જશીટમાના કાગળો ઉપર આધાર રાખી એવી રજુઆત કરેલી છે કે, ફરીયાદ જોતાં આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર પાસે હથીયાર હોવાનો કે આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ મરણજનારને છરી મારેલ હોવાનો કે કોઇના ઉપર હુમલો કર્યાનો કે ઇજા કર્યાનો આક્ષેપ નથી તથા ડિસ્કવરીનું પંચનામું, આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓનું અટક પંચનામું તથા જુદા-જુદા સાહેદોના નિવેદનોનો ઉલ્લેખ કરી એવી રજુઆત કરેલી છે કે, આ કામના આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ આ ગુન્હા સાથે સંકળાયેલા નથી.

(૩.૧) આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી એન.ડી.ચૌધરી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરેલી છે કે, આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ કોઇને ઇજા પહોંચાડેલી નથી. ગુજરનારને કોઇ ઇજા પહોંચાડેલી નથી. આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા નાઓની વિનંતીથી આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ સાથે ગયેલ હતા. આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા નાઓએ આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓને મરણજનાર માને નહીં તો તેને છરી મારવી છે તેવી કોઇ હકીકત જણાવેલ હોવાનું જણાઇ આવતું નથી. ખરેખર આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ મરણજનારને બચાવવાનો પ્રયત્ન કરેલો છે, જયારે આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા નાઓએ આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓને ઇજા પહોંચાડેલી છે. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ મરણજનારને કોઇ નુકશાન પહોંચાડવાનો ઇરાદો ન હતો. આમ, આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓને ખોટી રીતે આરોપી તરીકે જોડેલ છે. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ મુખ્ય સાક્ષી હોવા જોઇએ તેના બદલે ખોટી રીતે આરોપી તરીકે દર્શાવેલ હોય આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓને બિન તહોમત મુકત કરવા જોઇએ.

(૩.૨) આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ તરફે નામદાર ગુજરાત હાઇકોર્ટનો

***૨૦૨૫ જી.યુ.જે.એચ.સી. ૩૮૦૪૪, રાજેન્દ્રકુમાર પ્રવીણચંદ્ર દશાડીયા વિરુદ્ધ ગુજરાત રાજય*** નો ચુકાદો તથા ***નામદાર ગુજરાત હાઇકોર્ટનો વિનોદભાઇ ઉર્ફે વાલજીભાઇ ભગવાનભાઇ રબારી વિરુદ્ધ ગુજરાત રાજયનો ચુકાદો કે જે ૨૦૧૭ જે.એકસ (ગુજરાત) ૯૬૨*** ઉપર પ્રસિદ્ધ થયેલ છે તેના ઉપર આધાર રાખી એવી હકીકત જણાવેલી છે કે, જયારે આરોપીને ગુન્હા સાથે સાંકળતો પ્રથમદર્શનીય પુરાવો ન હોય, ગુન્હાહિત ઈરાદો સ્થાપિત થતો ન હોય અને કોઇ ચોકકસ પ્રકારનો ગુન્હો આચરેલાનું રજુ થયેલા કાગળોમાંથી જણાઇ આવતું ન હોય ત્યારે આરોપીને બિનતહોમત મુકત કરવા જોઇએ.

**<u>ફરીયાદ પક્ષની દલીલ :</u>**

(૪) વિદ્વાન સ્પેશ્યલ પી.પી. શ્રી એચ.બી.જાડેજા નાઓ દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામે આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ થયા બાદ નિયમીત જામીન મેળવવા ફોજદારી પરચુરણ અરજી નં.૧૪૪૪/૨૦૨૫ દાખલ કરેલી હતી તે અરજીમાં જામીન મુકત થવા માટેના જે કારણો દર્શાવેલા હતા તેની વિગતો મુખ્યત્વે આ ડિસ્ચાર્જ અરજીમાં જણાવેલ છે.

(૪.૧) વિદ્વાન સ્પેશ્યલ પી.પી. શ્રી એચ.બી.જાડેજા નાઓ દ્વારા એવી ભારપૂર્વક દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ પ્રથમથી જ આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા સાથે આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓની મોટર સાયકલ લઇ પોતાના ઘરેથી આવેલા છે. આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા અને આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ સાથે મળી અંજારમાંથી ચોકકસ દુકાન ઉપર જઇ મરણજનારને જે છરીથી ઈજાઓ પહોંચાડેલી છે તે છરી લીધેલી છે.

(૪.૨) વિદ્વાન સ્પેશ્યલ પી.પી. શ્રી એચ.બી.જાડેજા નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરેલી છે કે, પ્રથમથી આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા નાઓ સાથે આ ગુન્હામાં આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ સંડોવાયેલા છે અને અત્યાર સુધી ગુન્હાહિત કૃત્યથી જોડાઇ

રહેલા છે. વધુમાં એવી દલીલ કરેલી છે કે, આ કામે મુદ્દામાલ તરીકે જે મોટર સાયકલ કબ્જે કરવામાં આવેલ છે તે મોટર સાયકલ આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓની છે અને આ મોટર સાયકલ પરથી પણ મરણજનારના લોહીના નમુના સંબંધે એફ.એસ.એલ. માંથી હકારાત્મક અભિપ્રાય પાઠવવામાં આવેલો છે.

(૪.૩) વિદ્વાન સ્પેશ્યલ પી.પી. શ્રી એચ.બી.જાડેજા નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરેલી છે કે, આ કામે પ્રથમથી જ ફરીયાદમાં આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓનું નામ દર્શાવવામાં આવેલું છે. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ ગુન્હાહિત કૃત્યમાં જે ભાગ ભજવેલો છે તેનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરેલો છે. એટલું જ નહીં, તપાસ કરનાર એજન્સી દ્વારા જે જુદા-જુદા સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલા છે તે સાહેદો દ્વારા પણ આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા ગુન્હાહિત કૃત્યમાં જે ભાગ ભજવવામાં આવેલો છે તેની સ્પષ્ટ વિગતોનું વર્ણન કરવામાં આવેલું છે. એટલું જ નહીં, તપાસ કરનાર એજન્સી દ્વારા તપાસ દરમ્યાન જે મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલો છે તે છરી વિગેરે ઉપરથી પણ એફ.એસ.એલ. દ્વારા હકારાત્મક અભિપ્રાય પાઠવવામાં આવેલો છે અને તે આરોપીઓ વિરુદ્ધનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાવે છે.

(૪.૪) વિદ્વાન સ્પેશ્યલ પી.પી. શ્રી એચ.બી.જાડેજા નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરેલી છે કે, આ કામના આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ બનાવના દિવસે ચાર થી પાંચ વખત પોતાના મોબાઇલ ફોનથી મરણજનાર સાથે વાતચીત કરેલી છે. વધુમાં એવી પણ દલીલ કરેલી છે કે, આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ બનાવ પહેલાં, બનાવ સમયે અને બનાવ બાદ આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા નાઓ સાથે સ્થળ ઉપર પ્રત્યક્ષ હાજર હોવાનું દર્શાવેલ છે.

(૪.૫) વિદ્વાન સ્પેશ્યલ પી.પી. શ્રી એચ.બી.જાડેજા નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરેલી છે કે, જયારે આ કામના આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓની ગુન્હામાં સીધી સંડોવણી હોવાનો પ્રત્યક્ષ અને પરોક્ષ પુરાવો ચાર્જશીટમાંથી જણાઇ આવતો હોય ત્યારે

ફરીયાદ પક્ષને પુરાવો રજુ કરવાની તક આપવી જોઇએ. ફરીયાદ પક્ષને પુરાવો રજુ કરવાની તક આપવાથી આરોપી પક્ષને કોઇ પૂર્વગ્રહ કે નુકશાન જવાનું નથી, જયારે હાલની અરજી મંજુર કરવાથી ફરીયાદ પક્ષ આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર વિરુદ્ધ પુરાવો રજુ કરવામાંથી વંચિત રહેશે જે ફરીયાદ પક્ષના કેસને નુકશાન કરનાર અને પૂર્વગ્રહ કરનાર છે.

(૪.૬) વિદ્ધાન સ્પેશ્યલ પી.પી. શ્રી એચ.બી.જાડેજા નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરેલી છે કે, આ કામે ચાર્જશીટના કાગળો ધ્યાનમાં લેતાં આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ વિરુદ્ધ પ્રથમદર્શનીય પુરાવો છે. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓની પ્રત્યક્ષ હાજરી છે. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ ગુન્હાહિત કૃત્યમાં પ્રથમદર્શનીય ભાગ ભજવેલો છે. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓનો ગુન્હાહિત કૃત્યમાં ઈરાદો હતો કે કેમ ? તે બન્ને આરોપીઓ વચ્ચેની આંતરિક બાબત છે અને ગુન્હાહિત ઈરાદા બાબતે ફરીયાદ પક્ષ પાસે કોઇ પ્રત્યક્ષ પુરાવો હોઇ શકે નહીં, તેવા સંજોગોમાં આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્ધારા આ કેસની ઇન્સાફી કાર્યવાહી વિલંબમાં પડે તેવા એકમાત્ર હેતુથી હાલની અરજી કરેલ હોય અરજી રદ્દ કરી આ કામના આરોપીઓ વિરુદ્ધ તહોમતનામું ફરમાવી જરુરી યોગ્ય ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા વિનંતી કરેલી છે.

## -:: કા ર ણો ::-

(૫) આ સેશન્સ કેસ નં.૧૦૮/૨૦૨૫ નું ચાર્જશીટ અને તે સાથેના કાગળો ધ્યાનમાં લેતાં આ કામના આરોપીઓએ એકસંપ કરી પોતાની મોટર સાયકલ નં.જી.જે. ૧૨ ઈ.ડી. ૪૬૦૯ ઉપર ગાંધીધામ, અંજાર અને અંજાર જેસલ તોરલની સમાધી પાસેથી એક છરી લઇ બન્ને જણાઓ અંજાર થી ભુજ સંસ્કાર કોલેજમાં ફરીયાદીની દિકરી સાક્ષી પાસે આવી આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા મરણજનાર સાથે એક તરફી પ્રેમ કરતો હોય તેનો ફોન નંબર મરણજનારે બ્લોક લીસ્ટમાં નાખી દીધેલ હોય તે અંગેનું મનદુ:ખ રાખી ફરીયાદીની દિકરી સાક્ષીને ભુજ થી અભ્યાસ મુકી પરત ગાંધીધામ આવવા માટે તેમજ પોતાના મોબાઇલ નંબર બ્લોકમાંથી કાઢવા માટે મરણજનાર સાક્ષી સાથે કોલેજમાં આવી બોલાચાલી કરી એકદમ

ઉશ્કેરાઇ જઇ પોતાની પાસે રહેલ છરી વડે ફરીયાદીની દિકરી સાક્ષીને જાનથી મારી નાખવાના ઈરાદે ગળાના ભાગે તથા શરીરના ભાગે જીવલેણ ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી બાદ મરણજનારને આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર તથા આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા મોટર સાયકલ ઉપર લઈ જઈ ફરી ગળાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડી એક છરીનો ઘા મોટર સાયકલ ચલાવતા આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓને પીઠના ભાગે મારી ગંભીર પ્રકારની ઈજા પહોંચાડી આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા ગુન્હો કરી નાશી જઈ એકબીજાને મદદગારી કરેલી.

(૬) આવી ડિસ્ચાર્જની અરજીઓ સંબંધે નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલત દ્વારા જે જુદા-જુદા ચુકાદાઓમાં સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલા છે તે પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી આ પ્રકરણમાં ઉપલબ્ધ રેકર્ડ પરના પુરાવાનો તલસ્પર્શી અભ્યાસ કરી ન્યાયી નિર્ણય આ અરજીનો કરવામાં આવેલો છે.

(૭) આ અરજી આરોપી પક્ષ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૦ ની જોગવાઈ મુજબ આ કામના આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩ (૧), ૧૦૯ (૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ ના ગુન્હામાંથી બિનતહોમત મુકત થવા અરજીમાં જણાવેલા કારણોસર અરજી રજુ કરેલી છે. આથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૦ જોવી જરુરી છે, જે નીચે મુજબ છે :-

> ***કલમ-૨૫૦ :*** ફોજદારી કેસમાં આરોપીને ડિસ્ચાર્જ કરવાની પ્રક્રિયા સાથે સંબંધિત છે તે રુપરેખા આપે છે કે, આરોપી કેસ સત્ર અદાલતમાં રજુ થયાના ૬૦ દિવસની અંદર ડિસ્ચાર્જ અરજી દાખલ કરી શકે છે. ત્યારબાદ ન્યાયાધીશ કેસના રેકોર્ડની સમીક્ષા કરે છે, બન્ને પક્ષોની દલીલો સાંભળે છે, અને જો ટ્રાયલ માટે પૂરતા કારણો ન હોય અને નિર્ણય માટે કારણો નોંધવામાં આવે તો આરોપીને ડિસ્ચાર્જ કરી શકે છે.

(૮) આ કલમનું વિશ્લેષણ કરતાં એવી હકીકત ફલીત થાય છે કે, અદાલતને એવું

જણાય કે આરોપી સામે કાર્યવાહી માટેનું કોઈ પુરતું કારણ નથી તો આરોપીને છોડી મુકશે અને છોડી મુકવા માટેના અદાલતે પોતાના કારણો નોંધવા જોઈએ. આરોપી વિરુદ્ધ કલમ–૨૫૧ મુજબ આક્ષેપ મુજબનું તહોમતનામું ફરમાવવા માટે અદાલતે કોઈ કારણો આપવાની જરુર નથી.

(૯) ઉપરોકત બાબતને ધ્યાનમાં લેતાં આ પ્રકરણમાં રજુ કરવામાં આવેલ ચાર્જશીટના કાગળો પ્રમાણે વિશ્લેષણ કરવામાં આવે તો તેનાથી એવી હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, હાલના કેસમાં આરોપીઓ વિરુદ્ધ તપાસ કરનાર અમલદાર દ્વારા જરુરી, યોગ્ય અને ધોરણસર તપાસ કરી જુદા–જુદા સાહેદો કે જેમાં નજરે જોનાર સાહેદો સહિત નિષ્ણાંત સાહેદો છે તેમનો પુરાવો એકત્ર કરવામાં આવેલો છે. ચાર્જશીટના કાગળો જોતાં ફરીયાદી સહિતના કુલ્લ ૬૮ સાહેદો તરીકે દર્શાવવામાં આવેલા છે. એટલું જ નહીં, આ કામના કયા આરોપી વિરુદ્ધ કયા પ્રકારનો પુરાવો ઉપલબ્ધ છે તથા કયા આરોપીએ ગુન્હાહિત કૃત્યમાં શું ભાગ ભજવેલો છે ? તે બાબતની પણ સ્પષ્ટ વિગતો જણાવેલી છે. જેને ધ્યાનમાં લેતાં મુખ્યત્વે એવી હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કામના આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ પોતાની માલીકીની મોટર સાયકલ લઈ પોતાના ઘરેથી નીકળેલા છે. આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા અને આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ સાથે મળી અંજારમાંથી ચોકકસ દુકાન ઉપર જઈ મરણજનારને જે છરીથી ઈજાઓ પહોંચાડેલી છે તે છરી લીધેલી છે અને આથી આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ છરી લેવા મુખ્ય આરોપી સાથે ગયેલ હતા તે છરીનો ઉપયોગ મુખ્ય આરોપી મોહિત સાક્ષી ઉપર ઈજા પહોંચાડવા માટે થશે તેવું આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોરને જ્ઞાન હતું તેમ છતાં આરોપી નં.૨ નાઓ મુખ્ય આરોપી સાથે ગુન્હામાં વપરાયેલ છરી લેવા ગયેલ છે તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે. મુદ્દામાલ છરી ઉપરથી એફ.એસ.એલ. દ્વારા હકારાત્મક અભિપ્રાય પાઠવવામાં આવેલો છે. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ બનાવના દિવસે ચાર થી પાંચ વખત પોતાના મોબાઈલ ફોનથી મરણજનાર સાથે વાતચીત કરેલી છે.

**(૯.૧)** આમ, મરણજનારનું મૃત્યુ નિપજશે તેવા જ્ઞાન અને ઈરાદા સાથે બન્ને આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં એકબીજાને મદદગારી કરી ગુન્હાહિત કૃત્ય આચરેલું છે અને આથી બન્ને આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૧૦૯ (૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે તપાસ એજન્સી દ્વારા મૌખિક, દસ્તાવેજી પુરાવા ઉપરાંત નિષ્ણાંતના પુરાવા સાથે ચાર્જશીટ કરવામાં આવેલું છે.

**(૧૦)** આ કામે રજુ થયેલ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સ વિગેરેનો અભ્યાસ કરતાં એવી હકીકત પ્રથમદર્શનીય જણાય છે કે, ફરીયાદમાં અરજદાર/આરોપીનું નામ પ્રથમથી જ દર્શાવવામાં આવેલ છે. અરજદાર/આરોપીની મોટર સાયકલ ઉપર હાલના અરજદાર/આરોપી અને મુખ્ય આરોપી મોહિત અંજાર થી ભુજ સંસ્કાર કોલેજમાં ફરીયાદીની દિકરી સાક્ષી પાસે ગયેલા છે તે સંબંધેના નેત્રમ કેમેરાના સી.સી.ટી.વી. ફુટેજ કબ્જે થયેલા છે અને તે ચાર્જશીટ અને તે સાથેના પેપર્સથી રજુ થયેલા છે. આ કામે ચાર્જશીટ સાથેના કાગળોમાં રજુ સાહેદોના નિવેદનો પરથી એવી હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, અંજાર થી ભુજ આવતા પહેલાં અંજારમાં હથીયાર વેંચાણની દુકાનમાંથી આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ આરોપી નં.૧ મોહિત સાથે છરી લેવા ગયેલ હતા. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ અને મુખ્ય આરોપી નં.૧ મોહિત મરણજનારની કોલેજમાં ગયેલા હતા. મરણજનારનો ફોટો બતાવી શોધતા હતા. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ બનાવના દિવસે ત્રણ થી ચાર વખત મરણજનારને ફોન કરેલા છે તે સંબંધેના સી.ડી.આર. પણ ચાર્જશીટ સાથે રજુ છે.

**(૧૧)** આ પ્રકરણમાં ચાર્જશીટ સાથે રજુ નિષ્ણાંતનો પુરાવો ધ્યાનમાં લેતાં મરણજનાર, આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર તથા મુખ્ય આરોપી નં.૧ મોહિતના ડી.એન.એ. પ્રોફાઈલ સંબંધેનો એફ.એસ.એલ. નો પરિક્ષણ અહેવાલ ધ્યાનમાં લેતાં તમામના લોહી, રુમાલ, મોટર સાયકલ, છરી તથા ગુજરનારના લોહીના ડી.એન.એ.પ્રોફાઈલ પોઝીટીવ આવેલ હોવાનું સ્પષ્ટપણે ફલીત થાય છે તેવું પ્રથમદર્શનીય રીતે રજુ થયેલા સાહેદોના

નિવેદનો, નિષ્ણાંતોના અભિપ્રાય, પંચનામાઓ તથા અન્ય પુરાવાના આધારે ફલીત થાય છે તેવા સંજોગોમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૦ માં નિર્દિષ્ટ કરવામાં આવેલ બાબતોને ધ્યાનમાં લેતાં આ ગુન્હાના બન્ને આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૧૦૯ (૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે પ્રથમદર્શનીય પુરાવો ઉપલબ્ધ છે તેવા સંજોગોમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૦ ની જોગવાઇ મુજબ આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓને બિનતહોમત મુકત કરવા માટેનું કોઇ કારણ રેકર્ડ પર અસ્તિત્વમાં ન હોવાનું આ અદાલતનું માનવું છે અને આથી ફકત આ જ કારણસર આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓની બિન તહોમત મુકત થવાની અરજી ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**(૧૨)** આ કામે ઉપર જણાવ્યા મુજબ તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૦ અને કલમ–૨૫૧ ની જોગવાઇ ધ્યાનમાં લેતાં અદાલતે આરોપીઓ વિરુદ્ધ તહોમતનામું ફરમાવવા માટે ઉપર ચર્ચા કરી તે મુજબ કારણો આપવાની જરુર નથી, પરંતુ આરોપીઓને બિન તહોમત મુકત કરવા અને છોડી મુકવા માટે કારણો આપવાની જરુર છે. એટલું જ નહીં, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૦ ની જોગવાઇ એ અદાલતને પ્રાપ્ત વિવેકાધિન સત્તા છે ત્યારે આરોપીને બિન તહોમત છોડી મુકવાનો હુકમ ફકત ત્યારે જ કરી શકાય કે જયારે અદાલત સંપૂર્ણપણે અને ચોકકસપણે માને કે આરોપીને દોષિત ઠરાવવા માટે કોઇ સંભવિતતા ઉપલબ્ધ પુરાવાના રેકર્ડમાંથી જણાઇ આવતી નથી.

**(૧૩)** આરોપીને બિન તહોમત મુકત કરવા માટે અદાલતે ફકત એટલું જ નકકી કરવાનું છે કે, આરોપી વિરુદ્ધ પ્રથમદ્રષ્ટિએ તપાસ એજન્સી દ્વારા જે ચાર્જશીટ કરવામાં આવેલ છે તેમાં કેસ બને છે કે નહીં અને આ શોધી કાઢવા માટે અદાલતે મર્યાદિત હેતુને ધ્યાનમાં રાખી ઉપલબ્ધ પુરાવાની તારવણી અને તારણ કરવાનું છે. માત્ર રેકર્ડ ઉપરના પુરાવાથી જયારે આરોપીઓ વિરુદ્ધ ગુન્હો કર્યા અંગે શંકા પ્રદર્શીત થતી હોય ત્યારે આરોપીઓ વિરુદ્ધ અદાલતે તહોમતનામું ઘડી આગળ ઇન્સાફી કાર્યવાહી ચલાવવી જોઇએ, આરોપીને બિન તહોમત મુકત

આવા સંજોગોમાં કરી શકાય નહીં. એ પણ નોંધવું જરુરી છે કે, તપાસ એજન્સી દ્વારા અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ કેસ બાબતે પુરાવાની સંભવિતતા ધ્યાને લેવાની હોય છે, આરોપીઓના બચાવ કે આરોપીઓના દસ્તાવેજી પુરાવા તહોમતનામું ફરમાવતી વખતે અદાલતે નગણ્ય ગણવાના હોય છે. તેવી જ રીતે પુરાવાનું ઉંડાણપૂર્વક મુલ્યાંકન કરવાનું હોતું નથી.

(૧૪) આ પ્રકરણમાના પુરાવાને ધ્યાનમાં લઇ માત્ર એવી વિચારણા કરવાની છે કે, આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે પુરતા કારણો છે કે કેમ ? અને તે એક સામાન્ય બુદ્ધિમતા ધરાવતી વ્યકિત સહજ રીતે સ્વીકારી નિર્ણય પર આવે કે તહોમતનામું ઘડવું જોઇએ અને આરોપીઓ વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી ચલાવી આગળ વધવું જોઇએ તેટલું પુરતું છે. ઇન્સાફી કાર્યવાહીના અંતે આરોપીઓ દોષિત ઠરશે કે આરોપીઓ છુટી જશે તે તહોમતનામું ઘડતી વખતે અદાલતે નકકી કરવાનું નથી. એટલું જ નહીં, તહોમતનામું ઘડતી વખતે ફરીયાદ પક્ષે શંકારહિત આક્ષેપ મુજબની જુદી-જુદી કલમ મુજબ પુરાવો ઉપલબ્ધ છે તેવું બતાવવાની જરુરીયાત નથી. ફકત પ્રાથમિક પુરાવો ઉપલબ્ધ હોય અને આરોપીઓએ ગુન્હો કરેલાની શંકા હોય તો આરોપીઓ વિરુદ્ધ તહોમતનામું ફરમાવી આરોપીઓ વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ધપાવવી જોઇએ. આ કામે રજુ થયેલ ચાર્જશીટઅને પોલીસ પેપર્સમાના જુદા-જુદા સાહેદોના નિવેદનોનો અભ્યાસ કરતાં આ કામના આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ વિરુદ્ધ આક્ષેપિત ગુન્હો કરેલ હોવા અંગેનો પ્રાથમિક પુરાવો ઉપલબ્ધ છે તેમ કહી શકાય તેમ છે.

(૧૫) આ કામે આરોપી નં.૨ દ્વારા જે અરજી કરવામાં આવેલી છે અને તે લગત જે દલીલો કરવામાં આવેલી છે તથા તેને આનુષંગિક ચુકાદાઓ રજુ કરવામાં આવેલા છે તેમાં મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલી છે કે, જયારે આરોપીને ગુન્હા સાથે સાંકળતો પ્રથમદર્શનીય પુરાવો ન હોય, ગુન્હાહિત ઇરાદો સ્થાપિત થતો ન હોય અને કોઇ ચોકકસ પ્રકારનો ગુન્હો આચરેલાનું રજુ થયેલા કાગળોમાંથી જણાઇ આવતું ન હોય ત્યારે આરોપીને

બિનતહોમત મુકત કરવા જોઇએ, પરંતુ આરોપી પક્ષે રજુ કરવામાં આવેલા ચુકાદામાના કેસની હકીકત અને હાલના કેસની હકીકત ભિન્ન સ્વરુપની છે.

(૧૫.૧) આ પ્રકરણમાં રજુ ચાર્જશીટ અને તે સાથેના કાગળો ધ્યાનમાં લેતાં આ કામના આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ પ્રથમથી જ આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા સાથે આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓની મોટર સાયકલ લઇ પોતાના ઘરેથી આવેલા છે. આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા અને આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ સાથે મળી અંજારમાંથી ચોકકસ દુકાન ઉપર જઇ મરણજનારને જે છરીથી ઈજાઓ પહોંચાડેલી છે તે છરી લીધેલી છે અને તે રીતે પ્રથમથી આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા નાઓ સાથે આ ગુન્હામાં આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ સંડોવાયેલા છે અને અત્યાર સુધી ગુન્હાહિત કૃત્યથી જોડાઇ રહેલા છે. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ ગુન્હાહિત કૃત્યમાં જે ભાગ ભજવેલો છે તેનો સ્પષ્ટપણે ઉલ્લેખ ચાર્જશીટ અને તે સાથેના પેપર્સમાં કરવામાં આવેલો છે. સાહેદો દ્વારા પણ આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા ગુન્હાહિત કૃત્યમાં જે ભાગ ભજવવામાં આવેલો છે તેની સ્પષ્ટ વિગતોનું વર્ણન કરવામાં આવેલું છે. એટલું જ નહીં, તપાસ કરનાર એજન્સી દ્વારા તપાસ દરમ્યાન જે મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલો છે તે છરી વિગેરે ઉપરથી પણ એફ.એસ.એલ. દ્વારા હકારાત્મક અભિપ્રાય પાઠવવામાં આવેલો છે. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ બનાવના દિવસે ચાર થી પાંચ વખત પોતાના મોબાઇલ ફોનથી મરણજનાર સાથે વાતચીત કરેલી છે. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ બનાવ પહેલાં, બનાવ સમયે અને બનાવ બાદ આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપરા નાઓ સાથે સ્થળ ઉપર પ્રત્યક્ષ હાજર હોવાનું દર્શાવેલ છે. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓની ગુન્હામાં સીધી સંડોવણી હોવાનો પ્રત્યક્ષ અને પરોક્ષ પુરાવો ચાર્જશીટમાંથી જણાઇ આવે છે. એટલું જ નહીં, આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓનો ગુન્હાહિત કૃત્યમાં ઈરાદો હતો કે કેમ ? તે બન્ને આરોપીઓ વચ્ચેની આંતરિક બાબત છે અને ગુન્હાહિત ઈરાદા બાબતે ફરીયાદ પક્ષ પાસે કોઇ પ્રત્યક્ષ પુરાવો હોઇ શકે નહીં ત્યારે આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓને ગુન્હા સાથે સાંકળતો પ્રથમદર્શનીય પુરાવો નથી કે ગુન્હાહિત ઈરાદો

સ્થાપિત થતો નથી અને કોઇ ચોકકસ પ્રકારનો ગુન્હો આચરેલાનું રજુ થયેલા કાગળોમાંથી જણાઇ આવતું નથી અને આથી બિનતહોમત મુકત કરવા જોઇએ તેવી રજુઆત માની કે સ્વીકારી શકાય તેમ નથી. એટલું જ નહીં, જયારે આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓની ગુન્હામાં સીધી સંડોવણી હોવાનો પ્રત્યક્ષ અને પરોક્ષ પુરાવો ચાર્જશીટમાંથી જણાઇ આવે છે ત્યારે ફરીયાદ પક્ષને પુરાવો રજુ કરવાની તક આપવામાં આવે તો તેનાથી આરોપી પક્ષને કોઇ નુકશાન જવાની સંભાવના નથી. આરોપી પક્ષને ઉલટતપાસ કરવાનો અને બચાવનો પુરાવો રજુ કરવાની યોગ્ય અને વિપુલ તક રહેલી છે. જયારે આરોપી પક્ષની અરજીમાં જણાવેલ વિગતો અને ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો પ્રમાણે અરજી મંજુર કરી આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓને બિનતહોમત મુકત કરવામાં આવે તો તેનાથી ફરીયાદ પક્ષને પુરાવો રજુ કરવાથી વંચિત કરવા બરાબર ગણાય અને આરોપી નં.૨ વિરુદ્ધનો કેસ સાબિત કરવા માટે વંચિત કરવા બરાબર ગણાય, તેવા સંજોગોમાં આરોપી પક્ષના વિદ્વાન વકીલ શ્રી એન.ડી.ચૌધરી નાઓ દ્વારા જે દલીલો અને આરોપી પક્ષે રજુ કરવામાં આવેલા ચુકાદામાના સિદ્ધાંત આરોપી પક્ષને આ અરજીના ન્યાયિ નિર્ણયમાં આરોપી પક્ષના વિદ્વાન વકીલ શ્રીની રજુઆત મુજબ આરોપી પક્ષને મદદકર્તા ન હોવાનું આ અદાલતનું વિનમ્રપણે માનવું છે.

(૧૬) આ તબકકે એ પણ નોંધવું આવશ્યક છે કે, ફોજદારી કાર્યવાહીમાં તહોમતનામાનો તબકકો એ સૌથી નાજુક તબકકો છે. જયારે રેકર્ડ ઉપરથી આરોપીઓ વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા જેટલો પર્યાપ્ત પુરાવો હોય ત્યારે આરોપીઓ વિરુદ્ધ તહોમતનામું ફરમાવી ઇન્સાફી કાર્યવાહી આગળ ધપાવવી અનિવાર્ય છે. આ કામે આરોપીના વિદ્વાન વકીલ શ્રી દ્વારા જે દલીલો ઉપસ્થિત કરવામાં આવેલી છે અને જે રજુઆતો કરવામાં આવેલી છે તે તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓનો જે ઉલ્લેખ કરવામાં આવેલો છે તે અત્યંત તકનીકી બાબત છે. ઉપર જણાવ્યા મુજબ આરોપી પક્ષની હાલની અરજી ફોજદારી નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૫૦ ના પરિપ્રેક્ષ્યમાં આવતી જ નથી તેમ છતાં, જયારે આરોપીઓ વિરુદ્ધ રેકર્ડ પુરાવો ઉપલબ્ધ છે ત્યારે આરોપીઓ વિરુદ્ધ તહોમતનામું ફરમાવી ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાથી આરોપી પક્ષને બચાવ કરવાની, પોતાના બચાવનો પુરાવો રજુ કરવાની

અને ઉલટતપાસની વિપુલ તક રહેલી છે. જયારે આરોપી નં.ર જયેશ જયંતિજી ઠાકોર નાઓને બિન તહોમત છોડી મુકવાથી ફરીયાદ પક્ષના કેસની કાર્યવાહીનો અંત આવવા બરાબર થાય તેમ છે તે સંજોગોમાં આરોપી પક્ષની હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–ર૫૦ ના પરિપ્રેક્ષ્યમાં આવતી ન હોવાનું માની અરજી અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

***–:: હુ ક મ ::–***

(૧) આ કામના આરોપી પક્ષની હાલની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–ર૫૦ અન્વયે આરોપી નં.ર જયેશ જયંતિજી ઠાકોર નાઓને બિનતહોમત છોડી મુકવાની અરજી આથી ***નામંજુર યાને રદ્દ*** કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા:૩ જી, માહે:નવેમ્બર, સને:ર૦ર૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સહી/–

તા:૦૩/૧૧/૨૦૨૫
ભુજ–કચ્છ

**( મહિડા દિલીપ પી. )**
સેશન્સ જજ, કચ્છ–ભુજ
GJ00551